❖ માસિક ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.

❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ તમારૂં અને તમારા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૨ ❑ ઓગસ્ટ - ૨૦૧૦ ❑ અંક : ૩૫૯

● તંત્રી : શ્રી વિજયભાઈ અ. વ્યાસ ●સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી

લવાજમ : પગથાર પેટ્રન-આધારસ્તંભ : રૂા.૫૦૧ કે તેથી વધુ❖ વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- ❖ કિંમત : રૂા. ૫/-

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી, ડૉ. મસ્કરન્સ વાડી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400 068.

Website : www.pagthar.wordpress.com - E-mail : pagthar@yahoo.com અથવા sarjan.pagthar@rediffmail.com

## અંતરનો ઉજાસ

ભણવામાં ખૂબ જ હોંશિયાર એવો અતિ શ્રીમંત ઘરનો એક નવયુવક કોલેજના અંતિમ વરસની પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. એના પિતા એ વિસ્તારના સૌથી ધનવાન અને પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ હતા. છોકરો પણ ભણવામાં ખૂબ તેજસ્વી હતો. એક દિવસ જમવાના ટેબલ પર થતી વાતચીત દરમિયાન એના પિતાએ પૂછયું કે પરીક્ષાની તૈયારીઓ કેવી ચાલે છે ? એના જવાબમાં દીકરાએ જવાબ આપ્યો કે ખૂબ જ સરસ અને કદાચ યુનિવર્સિટીમાં પ્રથમ નંબર આવી જાય તો પણ નવાઈ નહીં. બાપ આ સાંભળીને ખૂબ ખુશ થયો. થોડી વાર પછી એ યુવકે ફરી પૂછયું કે, પિતાજી, જો મારો પ્રથમ નંબર આવે તો ફલાણા શોરૂમમાં રાખવામાં આવેલી હોન્ડાની નવી સ્પોર્ટસ કાર મને ભેટમાં આપશો ખરા ? બાપે હા પાડી. એના માટે તો આવી કારની ખરીદી એ રમતવાત હતી. પેલો યુવક ખૂબ રાજી થઇ ગયો. એ કાર ખરેખર તો એના માટે ડ્રીમ કાર હતી. એનો વાંચવાનો ઉત્સાહ અનેક ગણો વધી ગયો. મહેનતુ અને હોશિયાર તો એ હતો જ. એ ઉપરાંત એણે સાચા અર્થમાં તનતોડ મહેનત શરૂ કરી દીધી. રોજ કોલેજથી આવતાં જતાં એ પેલા શો-રૂમ પાસે ઊભો રહી હોન્ડા-સ્પોર્ટસ-કારને બે ક્ષણ જોઇ લેતો. થોડા દિવસો પછી જ આ કારના સ્ટિયરિંગ પર પોતાની આંગળીઓ ફરતી હશે તે વિચારમાત્ર એને રોમાંચિત કરી દેતો. એણે આ અંગે પોતાના મિત્રોને પણ વાત કરી રાખી હતી. ધારણા પ્રમાણે જ એની પરીક્ષા ખૂબ જ સરસ રહી. યુનિવર્સિટીમાં એ પ્રથમ આવ્યો છે એવી જાણ થતાં જ એણે કોલેજ પરથી પોતાના પિતાને ફોન કરી દીધો. પોતાની ભેટની વાત પણ યાદ કરાવી દીધી. પછી એ ઘરે જવા નીકળ્યો. જેમ જેમ ઘર નજીક આવતું ગયું તેમ તેમ એના ધબકારા વધવા લાગ્યા. પોતાના આંગણામાં ગોઠવાયેલી સ્પોર્ટસ કાર કેવી સરસ લાગતી હશે એની કલ્પના કરતો એ ઘરે પહોંચ્યો. કમ્પાઉન્ડનો દરવાજો ખોલીને આંગણામાં એણે નજર નાખી, પણ પેલી કાર ક્યાંય દેખાઇ નહીં. એ છોડોક નિરાશ અને ઉદાસ થઇ ગયો.કદાચ કારની ડિલિવરી પછી લેવાની હશે તેમ વિચારીને એ ઘરમાં દાખલ થયો. નોકરે એને આવીને કહ્યું કે શેઠ સાહેબ એમના રૂમમાં એના આવવાની રાહ જુએ છે. દોડતો એ પિતાજીના રૂમમાં પહોંચ્યો. એના પિતાજી જાણે એના આવવાની રાહ જ જોઇ રહ્યા હોય તેવું લાગ્યું. એના આવતાં જ એમણે ઊભા થઇ એ યુવકને ગળે વળગાડ્યો. અમીર બાપનો દીકરો હોવા છતાં બાપના પૈસે તાગડધિન્ના કરવાને બદલે દિલ દઈને ભણવાવાળા દીકરા માટે એમને કેટલું બધું ગૌરવ છે એવું પણ કહ્યું. પછી સુંદર કાગળમાં વીંટાળેલું એક નાનકડું બોક્સ એને આપીને કહ્યું; દીકરા, આમ જ આગળ વધતો રહે એવા મારા આશીર્વાદ છે. આ લે તારા માટે મારા તરફથી ઉત્તમ ભટ! એટલુ કહી બોકસ દીકરાના હાથમાં આપી તેઓ પાતાના કામે જવા નીકળી ગયા. પિતાના ગયા પછી દીકરાએ બોકસ ખોલ્યું. જોયું તો એમાં પાકા પૂંઠાવાળુ સોનેરી અક્ષરોથી લખાયેલું બાઇબલ હતું. બાઇબલ બંને હાથમાં પકડીને એ થોડી વાર એની સામે જોઇ રહ્યો. એને અત્યંત ગુસ્સો આવ્યો. બાઇબલ એમ જ ટેબલ પર મૂકીને એ વિચારમાં પડી ગયો. ઘરમાં અઢળક પૈસો હોવા છતાં પોતાની એક જ માગણી પૂરી કરવામાં બાપનો જીવ ન ચાલ્યો એ વાત એને હાડોહાડ કોરી ખાતી હતી. સ્પોર્ટસ કાર અપાવવાની હા પાડ્યા પછી પણ પિતાનો જીવ ન ચાલ્યો એનું ખૂબ જ લાગી આવ્યું. એ પોતે પણ સ્વમાની હતો. એટલે બીજી વખત પિતા પાસે માગવાનો કે એમને યાદ અપાવવાનો તો સવાલ જ નહોતો પેદા થતો. ઘણો વખત વિચાર કર્યા પછી એણે કાગળ લીધો. એમાં ટૂંકમાં એટલું જ લખ્યું કે, પૂજ્ય પિતાજી, સ્પોર્ટસ કારને બદલે બાઇબલ આપવામાં આપનો કોઇ શુભ ઇરાદો જ હશે એમ માનું છું. પણ મારે સ્પોર્ટસકાર જોઇતી હતી. હું ઘરેથી જાઉં છું. ક્યાં જાઉં છું તે નહીં કહું. જ્યારે તમારી સમકક્ષ પૈસાદાર બની જઇશ ત્યારે જ હવે તમને મોં બતાવીશ. એ જ પ્રણામ.... ચિઠ્ઠી બાઇબલના બોકસ પર મૂકી એ ઘરેથી નીકળી ગયો. નોકરોએ એને પાછો વાળવાની અને ક્યાં જઇ રહ્યો છે એ જાણવાની ખૂબ કોશિશ કરી જોઇ, પરંતુ વ્યર્થ! કોઇને કંઇ પણ કહ્યા વિના એ જતો રહ્યો. વરસો વીતી ગયાં. યુવકનાં નસીબ ખૂબ સારાં હતાં. મહેનતુ અને હોશિયાર તો એ હતો જ એટલે એણે જે બિઝનેસ શરૂ કર્યો તેમાં તેને અણધારી સફળતા મળી અને એ અતિશ્રીમંત બની ગયો. સુંદર મજાનું ઘર બનાવી એણે લગ્ન પણ કરી લીધાં. વચ્ચે વચ્ચે એને પોતાના પ્રેમાળ પિતા યાદ આવી જતાં. પરંતુ એ પ્રેમાળ ચહેરા પાછળ રહેલો કંજૂસ માણસનો ચહેરો એને તરત જ દેખાતો. માતાના મૃત્યુ પછી પોતે આટલા વરસમાં એક સ્પોર્ટસ-કાર જ માગી અને અઢળક પૈસો હોવા એના પિતાએ કારને બદલે સુફિયાણી ફિલોસોફી ઝાડવા ફકત બાઇબલ જ આપ્યું, એ યાદ આવતાં જ એનું મન કડવાશથી ભરાઇ જતું. પરંતુ એક દિવસ વહેલી સવારથી જ ન જાણે કેમ એને એના પિતાની યાદ ખૂબ જ આવતી હતી. હવે તો એ ઘણા વૃદ્ધ પણ થઇ ગયા હશે. કંઇ નહીં તો એમની સાથે વાત તો કરવી જ જોઇએ. વૃદ્ધ માણસોને સંતાનોના અવાજથી પણ

શાતા વળતી હોય છે. પિતા સાથે ફોન પર વાત કરવાની એને અતિતીવ્ર ઈચ્છા થઇ આવી. આમેય સમયની સાથે દરેક ગુસ્સાનું કારણ નાનું થતું જાય છે અને એકાદ દિવસ એવો પણ આવે કે માણસને એમ થાય કે અરે! આવા નાના અને વાહિયાત કારણ માટે આપણે આટલા બધા ગુસ્સે થયા હતા ?! આવું જ કંઇક એ યુવાનની સાથે બની રહ્યું હતું. એણે ફોન લઇ પોતાના ઘરનો નંબર ઘુમાવ્યો. સામા છેડે જ્યારે કોઇએ ફોન ઊંચકયો ત્યારે તો એના ધબકારા ખૂબ વધી ગયા હતા. પિતાજી સાથે પોતે કઇ રીતે વાત કરી શકશે એની અવઢવ સાથે એણે હેલો! કહ્યું. પણ એને નિરાશા સાંપડી. સામા છેડે એના પિતાજી નહોતા પણ ઘરનો નોકર હતો. નોકરે કહ્યું કે : શેઠ સાહેબ તો અઠવાડિયા પહેલાં અવસાન પામ્યા. તમે પાતાનુ સરનામુ જણાવેલ નહીં એટલે તમને જાણ શી રીતે કરી શકાય? પણ મરતાં સુધી તમને યાદ કરીને રડતા હતા. એમણે કહેલું કે તમારો ફોન ક્યારેય પણ આવે તો તમને બધો કારોબાર સંભાળવા બોલાવી લેવા. એટલે તમે આવી જાવ! પેલા યુવક પર તો જાણે વજ્રઘાત થયો. પોતાના પિતાને એમની છેલ્લી ક્ષણોમાં પણ મળી ન શકાયું એ વાતની વેદનાએ એના હૈયાને વલોવી નાખ્યું. પણ હવે શું થાય? પોતાના ઘરે પાછા જવાની ઇચ્છા સાથે એણે સહકુટુંબ વતન તરફ પ્રયાણ કર્યુ. ઘરે આવીને સીધો જ એ પોતાના પિતાના રૂમમાં ગયો. એમની છબી સામે ઊભા રહેતાં જ એની આંખો વરસી પડી. થોડીવાર આંખો બંધ કરીને એ એમ જ ઊભો રહ્યો. પછી પોતાના રૂમમાં આવ્યો. એની બધી જ વસ્તુઓ બરાબર અને વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. પિતાજી ચોખ્ખાઇ અને સુઘડતાના ખૂબ જ આગર્હી હતા, એ બરાબર દેખાઇ આવતું હતું. એવામાં એની નજર પોતાના ટેબલ પર પડેલી સોનેરી અક્ષરવાળા બાઇબલ પર પડી, આ એ જ બાઇબલ હતું જેના કારણે એણે ઘર છોડ્યું હતું. એના મનમાંથી પિતાજી માટેની બધી જ કડવાશ ગાયબ થઇ ગઇ હતી. એણે બાઇબલ હાથમાં લઇ ખોલ્યું. પ્રથમ પાના પર જ એના પિતાએ લખ્યું હતુઃ હે ભગવાન! મારા દીકરા જેવા ઉત્તમ સંતાનને ભેટ કઇ રીતે આપવી તે તું મને શીખડાવજે. એણે માગેલ વસ્તુઓ સાથે એને ઉત્તમ સંસ્કારોનો વારસો પણ આપી શકું એવું કરજે. એ યુવકને આજે પોતાના પિતાએ લખેલ આ શબ્દો બાઇબલના શબ્દો જેટલા જ મહાન લાગ્યા. એ શબ્દોને ચૂમવા એણે બાઇબલને હોઠે લગાડ્યું. એ જ વખતે એનાં પાનાંઓ વચ્ચે ક્યાંક છુપાયેલ એક નાનકડું કવર નીચે જમીન પર પડ્યું. પેલા યુવાને એ કવર ખોલ્યું. એમાં હોન્ડા સ્પોર્ટસ-કારની ચાવી અને સંપૂર્ણ ચૂકતે લખેલું પેલા શો-રૂમનું બિલ હતું. એના પર તારીખ હતીઃ એ પ્રથમ નંબરે પાસ થઇને આવ્યો હતો એ જ દિવસની....!કંઈકેટલીય વાર સુધી એ નીચે બેસી રહ્યો. પછી હૃદય ફાટી જાય એટલું બધું રડ્યો. ધ્રુસકે ધ્રુસકે. એ પછી કલાકો સુધી સૂનમૂન બની એ પોતાના પિતાજીની છબી સામે જોતો રહ્યો.

ભેટ આપણે ધારીએ એ રીતે મળે તો જ આપણે એનો સ્વીકાર કરીએ એ તો કેવું? વડીલો તો ઠીક, ભગવાન તરફથી જુદી જુદી રીતે પેકિંગ કરાયેલ આવી કેટલી બધી ભેટોનો આપણે અસ્વીકાર કરતાં હોઇશું? કારણ એક જ કે આપણી ધારણા પ્રમાણે એનું પેકિંગ થયું નથી હોતું. બસ! એટલું જ!

**સંકલનઃ**

**જાગૃત અનંત જાની**

## પિતાનું આપણાં જીવનમાં કેટલું મહત્વ ?

માતા ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. પણ ઘરના આ અસ્તિત્વને આપણે ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો? પિતાનું મહત્વ હોવા છતાં પણ તેના વિષે વધુ લખવામાં નથી આવતું કે નથી બોલવામાં આવતું.કોઈપણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે, સંત મહાત્માઓ પણ માતાના મહત્વ વિશે જ વધારે કહે છે. દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓએ પણ માતાના ખુબ વખાણ કર્યા છે. સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે પણ ક્યાંય પિતા વિષે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પના ને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે. આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશે જ પણ સારા પિતાઓ વિષે શું લખાયું છે? માતા પાસે આંસુનો દરિયો હોય છે પણ પિતા પાસે સંયમની દિવાલ હોય છે. માતા રડીને છૂટી થઇ જાય છે પણ સાંત્વન આપવાનું કામ તો પિતાએજ કરવું પડે છે અને કડવા કરતા સાંત્વન આપવામાં વધુ મહેનત કરવી પડે છે કારણ કે દીવા કરતા દીવી વધારે ગરમ હોય છે ને! પણ શ્રેય તો હમેશા દીવાનેજ મળે છે.રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે. પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઇએ છીએ ? બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડુસકા ભરે છે તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી, કારણ કે નાના ભાઇ બહેનો ને સાચવવાના હોય છે, પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી.કારણ કે બહેનને આધાર આપવાનો હોય છે. પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતાએજ કરવાનું હોય છે. જીજાબાઇએ શિવાજી ને ઘડ્યા એમ ચોક્કસ પણે કહેવું જોઇએ પણ તે સમયે શાહજી રાજાએ કરેલી મહેનતને પણ ધ્યાનમાં લેવી જોઇએ. દેવકી-યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ પણ નદીના પુરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિત પણે લઇ જનારા વાસુદેવને પણ મહત્વ આપીએ. રામ એ કૌશલ્યાના પુત્ર અવશ્ય છે પણ પુત્ર વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા. પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઇએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઇએ તો સમજાય કે...આપણાં નસીબના કાણા તેના ગંજીમાં પડ્યા છે. તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા દીકરીને નવા જીન્સ લઇ આપશે પણ પોતે તો જુનો લેંઘો જ વાપરશે. સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલુનમાં જઇને બીલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાશ થઇ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણીવાર તો ખાલી પાણી લગાડી ને દાઢી કરી લેતાં

હોય છે. પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી પણ જો ડોકટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે. કારણ કે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈપણ સાધન હોતું નથી. પહોચ હોય કે નહોય પણ દીકરાને એન્જીનીયરીંગ કે મેડીકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે. પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે તેજ તારીખે પરમીટરૂમમાં પાર્ટીઓ આપે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેનીજ મજાક ઉડાડે છે. પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. જે ઘરમાં પિતા હોય છે, તે ઘર તરફ કોઈપણ ઉંચી આંખ કરીને જોઈ શકતું નથી. કારણ કે ઘરના કર્તાહર્તા જીવંત છે. જો તેઓ કંઈપણ કરતા ન હોય તોપણ મહત્વના કર્તાહર્તા તરીકેના પદ ઉપર હોય છે અને ઘરના કામ જુવે છે, સંભાળે છે.

માતા હોવી અથવા તો માતા હોવાના સત્યને પિતાને લીધેજ અર્થ મળે છે એટલે કે પિતા હોય તો જ માતાનું અસ્તિત્વ શક્ય હોય છે. કોઈપણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતાજ સહુથી નજીકની લાગે કારણ કે બાજુમાં લે છે. વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગુપચુપ જઈને પેંડા પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી. બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખુબ મહત્વ હોય છે પણ હોસ્પિટલની લોબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી. દાઝી ગયા, ઠેશ લાગી કે માર વાગ્યો કે તરત - "ઓ માં" આ શબ્દો મોઢામાંથી બ્હાર પડે છે પણ રસ્તો ઓળંગતા એકાદ ટ્રક નજીક આવીને જોરથી બ્રેક મારે તો "બાપ રે"આ જ શબ્દ બ્હાર પડે છે. નાના સંકટો માટે ચાલે પણ મોટી સમસ્યાઓના વાદળો ઘેરાય ત્યારે પિતાજ યાદ આવે કોઈપણ સારા પ્રસંગે ઘરની દરેક વ્યકિત જતી હોય છે, પણ મરણના પ્રસંગે પિતાએ જ જવું પડે છે. પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઉભા ઉભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે. યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતાજ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે. દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેક ઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરું ને ?

પિતાનું મહત્વ કોને સમજાય છે ?

બાળપણમાં જો પિતા ગુજરી જાય તો અનેક જવાબદારીઓ ખુબ નાની ઉમરમાં સંભાળવી પડે છે. તેને એકએક વસ્તુ માટે તરસવું પડે છે. પિતાને ખરા અર્થમાં સમજી શકે તો તે છે ઘરની દીકરી ! સાસરે ગયેલી કે ઘરથી દુર રહેતી દીકરી પિતા સાથે ફોનમાં વાત કરે ત્યારે પિતાનો બદલાયેલો અવાજ એક ક્ષણમાં ઓળખી જાય છે. કોઈપણ દીકરી પોતાની ઈચ્છા બાજુમાં મુકીને પિતા કહે તે જગ્યાએ લગ્નની વેદી ઉપર ચઢી જતી હોય તેવા પ્રસંગો શું આજે પણ સમાજમાં નથી બનતા ? દીકરી પિતાને ઓળખે છે, સાચવે છે. બીજાઓ પણ પોતાને આ રીતે જાણે, ઓછામાં ઓછી એટલી તો અપેક્ષા બીજાઓ પાસે પિતા રાખે કે નહીં ?

આપણી પાસે તો થોડા ઉત્સવો છે, જેને ઉજવતી વખતે માતા-પિતા ને યાદ કરી લઈએ. તેમના પ્રત્યેનું ઋણ ચુકવવા આપણે તેમને પગે લાગીએ અને એમના આશીર્વાદ મેળવીએ અને આપણાજ સંસ્કાર, ધર્મ, નાત-જાતના ભેદભાવ વગર આપણી પછીની પેઢીને પણ આપીને યથાશકિત પિતૃ તર્પણ કરીએ.

**સંકલન: અલ્કેશ ચંદ્રકાન્ત જોષી**




અનંત કા. જાની

**શુભેચ્છાભર્યા અભિનંદન**

આ વર્ષે તાજેતરમાં S.S.C.અને H.S.C.અને અન્ય વિવિધ પરીક્ષાઓમાં સફળતા મેળવનાર સર્વ વિદ્યાર્થીભાઈ-બહેનોને અમારા, અમારા પરિવાર તરફથી અભિનંદન અને ઉજ્જવળ કારકીર્દી માટે ભાવભરી શુભેચ્છાઓ.

જીવનમાં અનેક મુંઝવતા પ્રશ્નોના સરળ નિકાલ અગાઉથી ફોન કરીને જ મુલાકાત લેવી.

મો. ૯૮૨૫૦૪૮૯૮૮
ફોન : ૦૨૭૭૨-૨૪૮૯૮૮

**શ્રી હરિ જ્યોતિષ કાર્યાલય**

**ઘર :** ૪૭, યોગીનગર સોસાયટી, શ્યામસુંદર સોસાયટી અને ચિત્રકુટ સોસાયટી પાછળ, મહાવીરનગર, હિમતનગર,
**ઓફીસ :** બીજે માળે, મોટાભાઈ માર્કેટ, મહાવીરનગર, હિંમતનગર (સમય : સાંજે ૫ થી ૮)

શ્રી વાસ્તુ - નવચંડી - શ્રી નારાયણબલી કથાવાર્તા તેમજ સફેદ આકળાના કાષ્ટના મૂળના જમણી સૂંઢના ગણપતિજી, તાંબાના પતરા ઉપર ૨૬૫ જાતનાં સિધ્ધ યંત્રો, એકાંખી શ્રીફળ, મેરૂપુષ્ટ યંત્ર મેળવવા તેમજ જીવનમાં આવતી અનેકપ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવા તમામ પ્રકારના પ્રશ્નોના સરળ નિકાલ માટે અગાઉથી ફોન કરી મુલાકાત માટે સમય મેળવી લેવો.દરેક મહિનાની અમાસે - કાળસર્પ - નક્ષત્ર - ગ્રહદોષ-ચંડાલયોગ નિવારણ વિધિ આવવા -જવાની, ફળાહાર-ચા - કોફી સાંજે અલ્પાહાર, દક્ષિણાની તમામ વ્યવસ્થા ખર્ચ સાથે શ્રી સપ્તેશ્વર મહાદેવજી સાનિધ્યે સાબરમતી તટે ફક્ત રૂા. ૯૫૧/-માં કરી આપીશું.



## રામરક્ષાસ્તોત્રમ્

**रामो राजमणि : सदा विजयते रामं रमेश भजे**
**रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ।**
**रामान्नास्ति परायणं परतरं रामस्य दासोडस्मयहं**
**रामे चित्तभय : सदा भवतु मे भो राम मामुध्वर ।।**

રાજાઓમાં શ્રેષ્ઠ શ્રીરામજી સદા વિજય પ્રાપ્ત કરે છે. હું લક્ષ્મીપતિ ભગવાન રામનું ભજન કરૂં છું. જે રામચંદ્રજીએ સર્વ રાક્ષસસેનાનો નાશ કર્યો હતો, હું એમને પ્રણામ કરૂં છુ રામથી મોટો આશરો કોઇ નથી. હું એ રામચંદ્રજીનો દાસ છું. મારૂં ચિત્ત સદા રામમાં લીન રહે, હે રામ, તમે મારો ઉધ્ધાર કરજો.)

# શ્રીરામજી મંદિર

**(દેરોલ)**

**પ્રસ્તાવિત**



**દેરોલમાં શ્રીરામજી મંદિરનું પ્રસ્તાવિત પ્રવેશદ્વાર**

**શીલ્પકાર**

**શ્રી ફાલગુનભાઈ ડી.સોમપુરા - પાટણ ફોન : M (o) 9904062896**

# દેરોલમાં શ્રીરામજી મંદિરનો શીલાન્યાસ

દેરોલના મધ્યચોકમાં ૧૫૦ વર્ષ જૂનું શ્રીરામજી મંદિર છે. આ રામમંદિર ઘરઘરાઉ છે. જે શીખરબંધ નથી. આ જગ્યાએ જ નવું શીખરબંધ મંદિરના નિર્માણનું કાર્ય આરંભાયું છે. આ રામમંદિરના નિર્માણ માટે તા.૨૭-૬-૨૦૧૦ ના રોજ શીલાન્યાસ વિધિ સંપન્ન થઇ હતી. ચાર દિશા, ચાર ખૂણા અને મધ્યશીલા એમ નવ યજમાનો દ્વારા શીલાન્યાસ વિધિ કરાઇ હતી. આ વિધિ આચાર્યશ્રી અશોકભાઇ ન. રાવલ, તેમજ શ્રી શૈલેશભાઇ પં. રાવલ દ્વારા કરાઇ હતી. આ શીલાન્યાસનું ભૂમીપૂજન શ્રીમતી જશુમતિબેન સુ. ઠાકરે કર્યુ હતું અને શીલાન્યાસના મુખ્ય યજમાન શ્રી ઉદયસીંહ ઝાલા અને યજમાન શ્રી જયેન્દ્ર હ. વ્યાસ હતા. દેરોલના મધ્યચોકમાં ગ્રામજનો અને દેરોલ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલ તમામ ભક્તોના સહકારથી ૩૫ ફૂટ ઉંચા શીખર અને ત્રણ ઘુમ્મટ સાથે ભવ્ય રામમંદિર બનાવવાનો સંકલ્પ કરાયો છે. આ રામમંદિરના નવ નિર્માણ સાથે જ તેના પરિસરમાં શીવ મંદિર તથા હનુમાન મંદિરનો પણ જીર્ણોધ્ધાર કરાશે. આ સઘળા નિર્માણ માટે વીસેક લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. આ નિર્માણ માટે રૂા. ૧૧૦૦/- ની એક ઈંટ સેવા નિર્ધારિત કરાઇ છે. પંદરસો ભકતોનો સંપર્ક કરાશે અને આ ભગીરથ કાર્યમાં તેઓ સહુના સહયોગની અપેક્ષાપૂર્વક ખાત્રી છે. આ પરમસેવાના કાર્યમાં સહયોગ આપવા-અપાવવા દેરોલના ગ્રામજનો તરફથી, પોતાના સંપર્કો અને સંબંધોના સહયોગ માટે ભાવપૂર્વક વિનંતી કરાઇ છે. આ સેવાદાન શ્રીરામજી મંદિર સેવા સમીતીના નામના ચેકથી સ્વીકારાશે. સંપર્ક અને સંબંધોના સરવાળાથી જ આ ભગીરથ કાર્ય પૂર્ણ થશે. શ્રી ભરતભાઇ અ. વ્યાસ શ્રી વિજયભાઇ અ. વ્યાસ અને શ્રી ધર્મેન્દ્રભાઇ અ. વ્યાસ, તરફથી એમના પિતાશ્રી સ્વ. અમૃતલાલ જયશંકર વ્યાસના સ્મરણાર્થે આ નિર્માણ સેવામાં રૂા. ૧,૫૧,૦૦૦/- નું દાન વચનદાન આપેલ છે. દેરોલમાં નવરાત્રી ઉત્સવને ૫૦ વર્ષ થયા તેનો ઉત્સવ ઉજવાયો હતો. આ ઉત્સવ પ્રસંગના રૂા. ૫૦,૦૦૦/- નું દાન -વચનદાન પણ આ નિર્માણ સેવામાં પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત બીજો કેટલોક સહયોગ પણ આયોજકોને સાંપડ્યો છે, સાંપડી રહ્યો છે.

આ નિર્માણ સેવામાં તન, મન, કે ધનના સહયોગ માટે શ્રી વિજયભાઇ અ. વ્યાસ (ફોનઃ **M.(o) 9322230341** શ્રી અશોકભાઇ ન. વ્યાસ (ફોન : **M.(o) 9323284076** અથવા શ્રી વિનોદભાઇ હી. જાની (ફોનઃ **M. (o) 9833302021** નો સંપર્ક કરવા વિનંતી કરાઇ છે.

## એકાત્મતા -ઐકયનું સર્જન

કોઈપણ સંસ્થા હોય : દરેક સંસ્થામાં સદા નવો પ્રાણ પુરવાનો હોય છે. જુની ઘરેડમાંથી બહાર આવવું હોય તો એમાં નવતર પ્રયોગોની જરૂરત હોય છે. આ નવતર પ્રયોગમાં નવા લોહીના સંચારની જરૂરત છે. આ નવા લોહીમાં કંઇક કરી છુટવાની ધગશ હોય છે. સમાજ સંસ્થાએ જે આપ્યું છે એના ઋણનો સ્વીકાર કરી જ્યારે આખું માળખું બદલાયું હોય ત્યારે તો આ ઋણ પરત કરવાની વેળા છે. પરિજનોની આશાઓ અને અપેક્ષાઓ વધતી જાય છે.

સમાજ સંસ્થાના જનકો અને પૂર્વ સંચાલકોએ જે ત્યાગ કર્યો છે, જે કાર્યશીલતા દર્શાવી છે એનું સ્મરણ રાખી કાર્યવાહીમાં શીથીલતાનો ત્યાગ કરીએ એજ શ્રેયસ્કર છે. સમભાવવાળા સમાજ પરિવારનું સર્જન આપણે કરવાનું છે. આવનારી પેઢીઓમાં એકાત્મતા-ઐક્ય પ્રગટે, જળવાઇ રહે, એનો પાયો નાખવાના નિર્ધાર અને તમન્ના રહેવી જોઇશે. આ તરફ કવિએ સુંદર વિચાર વ્યક્ત કર્યો છે જે અહીં રજૂ કરૂં છુ.

ભારે થયેલા શ્વાસ હવામાં ઉછાળીએ<br>
આંખોમાં ભરીએ આગ તણખલાઓ ચાવીને<br>
ખળખળ વહી જતી પળો કાલે ન પણ મળે<br>
થઇએ ભીના ફરીથી, ફરીથી સુકાઇએ<br>
અને ઉગતા સૂર્યનો રંગ છે અત્યારે હાથમાં<br>
મુઠ્ઠી ભરી ભરી બધે તડકો ઉડાવીએ<br>
ને આંગળીઓ એકબીજાની ગણીએ ધીરે ધીરે<br>
અંતર ક્ષિતિજ સુધીનું હજી પગલાંથી કાપીએ

આપણા આર્ષદ્રષ્ટા વડીલોએ કરેલી સમાજટ્રસ્ટની સ્થાપનાથી આપણે સંગઠીત અને સમૃધ્ધ થઇ શકયા છીએ. શિક્ષણની દિશાઓ પ્રસરી છે અને એથી જ આપણા કુટુંબોમાં શ્રી અને સરસ્વતી આવ્યાં છે. વર્ષો પછી સમાજ સંસ્થામાં યુવાનોમાં ઉત્સાહનો સંચાર પ્રગટયો છે. એ માટે આપણે સર્વે સાથે રહી સમાજસંસ્થાનો ઋણ સ્વીકાર કરી આપણા પૂર્વજોએ જે સમાજસંસ્થા - સમાજ પરિવારને આપ્યું હતું એનું સમજદારી પૂર્વક સંચાલન કરીએ અને સમાજ પરિવારભોગ્ય કાર્યક્રમોનીના સર્જન કરીએ એ શ્રેયસ્કદ છે.

**- ધર્મેન્દ્ર અમૃતલાલ વ્યાસ**

## મુંબઇમાં કલાગુર્જરીના ઉપક્રમે-ગરબા

મુંબઇમાં કલાગુર્જરીના ઉપક્રમે પ્રતિવર્ષ નવરાત્રિ દરમિયાન ગરબા યોજાય છે. આ ગરબામાં આપણા સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારની બહેનો પણ સંકળાય અને તે માટેનું રીહર્સલ અત્યારથી જ કરે એવુ સુચન ડૉ. જગદીપભાઇ ર. ઉપાધ્યાય શ્રી સ.સા.ન. મંડળના અને મહિલા ઉત્કર્ષ મંડળના કાર્યવાહકોને કરેલ. આ સુચન અનુસાર કલાગુર્જરી આયોજીત નવરાત્રિ દરમિયાનના ગરબા કાર્યક્રમમાં સંકળાવા ઈચ્છતી બેહનોએ શ્રી સ.સા.ન. મંડળના ટ્રસ્ટી શ્રી રમેશભાઇ પ્ર.પંડ્યા (ફોન : ઘરઃ (022) 28282135) મહિલા ઉત્કર્ષ મંડળના કાર્યવાહક સુશ્રી ગીતાબેન આ. જોષી ફોનઃ ઘરઃ(022) 28966151 અથવા સુશ્રી સ્મિતાબેન ક. પંડ્યા (ફોન : ઘરઃ(022) 28912634) નો સંપર્ક કરવા વિનંતી કરાઇ છે.

# અભિનંદન

(૧)

**કુ. પ્રિયા દુષ્યંતભાઇ જોષી**



શ્રી દુષ્યંતભાઇ કોદરલાલ જોષી (આગલોડ)ની સુપુત્રી ચિ. પ્રિયા તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીનીB.C.A. (Bachelor of Computer Application) ની પરીક્ષા તાજેતરમાં ૬૭.૩૩% ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે, ઇશ્વર, મમ્મી-પપ્પા અને દાદાના આશીષથી જ આ સફળતા મળી છે એમ તે કહે છે.

(૨)

**શ્રી સન્ની અરૂણભાઇ જોષી**



સિશ્રી નીલાબેન શ્રી અરૂણભાઈ રામશંકર જોષી (આગલોડ-હિંમતનગર) ના સુપુત્ર ચિ. સન્નીએ ગુજરાત વિદ્યાપીઠના કમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્કીંગના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાની પરીક્ષા તાજેતરમાં ૭૨.૩૩% ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. સન્ની I.G.N.U.તથા ગાંધીનગરની અન્ય પરીક્ષામાં પ્રથમકક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે. પ્રભુ, માતા-પિતા અને વડીલોના આશીષથી જ આ સફળતા મળી છે એમ સન્ની કહે છે.

(૩)

**શ્રી વૈભવ હેમંત જોષી**



સુશ્રી કુંજબાળા અને સ્વ. હેમંત કનુભાઇ જોષી (આગલોડ) ના સુપુત્ર ચિ. વૈભવે મહારાષ્ટ્ર બોર્ડની H.S.C.પરીક્ષા૭૨.૩૩%ગુણાંકથી તાજેતરમાં સફળતા મેળવી છે. આ પરીક્ષામાં Inf.&Tech. વિષયમાં વૈભવને ૯૧% ગુણાંક મળ્યા છે. પ્રભુરામ માતાના તથા શંકરદાદાના આશીર્વાદથી આ સફળતા મળી છે એમ વૈભવ કહે છે.ઉચ્ચ અભ્યાસ માટે Electronic Engineering અથવા Computer Engineering માં તે પ્રવેશ લેવા ઇચ્છે છે.

(૪)

**કુ. અનુશ્રી કેતનભાઇ પંડ્યા**



સુશ્રી મીનલબેન અને શ્રી કેતનભાઇ રમણિકલાલ પંડ્યા (કડોલી) ની સુપુત્રી ચિ. અનુશ્રીને મહારાષ્ટ્ર બોર્ડની S.S.C.પરીક્ષા તાજેતરમાં ૮૯.૦૯% ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં અનુશ્રીએ Mathsમાં ૯૮% અને Science & Technology ૯૨% ગુણાંક મેળવ્યા છે. અનુશ્રી મરાઠી ભાષાની પ્રવિણ પરીક્ષા બીજા ક્લાસમાં પણ સફળ થઇ હતી. વાર્ષિક રમતોત્સવમાં પણ અનુશ્રીએ ભાગ લીધો છે અને તેમાં અનુશ્રીને વિવિધ એવોર્ડ મળ્યા છે. રાષ્ટ્રભાષા હિન્દીની પ્રદેશીકા અને પ્રાથમિક પરીક્ષામાં પણ સફળતા મેળવી છે. સ્વાતંત્ર્ય દિનના પ્રસંગોની પરેડમાં અનુશ્રીને મેરીટ સર્ટીફીકેટ મળ્યા છે. રાષ્ટ્રીય કક્ષાએ લેવાતી સાયન્સ ટેલેન્ટ સર્ચની પરીક્ષામાં પણ અનુશ્રીએ સફળતા મેળવી છે. સંગીત, નૃત્ય અને ગીટાર વાદનમાં તેને વિશેષ રૂચી છે અને હવે તે ઉચ્ચ અભ્યાસ માટે I.T. અથવા એરોનોટીક એન્જીનીયરીંગનો અભ્યાસ કરવા ઇચ્છે છે. મમ્મીના સહયોગ ભર્યા માર્ગદર્શન અને દાદા-દાદીના આશીષથી જ આ સફળતાઓ મળી છે એમ અનુશ્રી કહે છે.

(૫)

**કુ. સેજલ જયેશભાઇ પંડ્યા**



શ્રીમતિ ગાયત્રીબેન અને શ્રી જયેશભાઇ રમણિકલાલ પંડ્યા (કડોલી) સુપુત્રી ચિ. સેજલે મહારાષ્ટ્ર બોર્ડની S.S.C.પરીક્ષા તાજેતરમાં ૮૩.૨૭% ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં Mathsમાં ૯૩.૩૩% ગુણાંક સેજલે મેળવ્યા છે. Road Safty Petrol (RSP) અને સ્વાતંત્ર્ય દિનના પ્રસંગોની માર્ચ પાસ્ટ પરેડમાં સેજલને મેરીટ સર્ટીફીકેટ પણ મળ્યા છે. ઉચ્ચ અભ્યાસ માટે તે Computer Eng.માં પ્રવેશ લેવા ઇચ્છે છે. મમ્મી-પપ્પા અને દાદા-દાદીના આશીષથી જ આ સપળતા મળી છે એમ સેજલ કહે છે.

■ નીચેના વિદ્યાર્થીભાઇબહેનો પણ વિવિધ પરીક્ષામાં તાજેતરમાં સફળ થયા છે.

(૧) **શ્રી આદિત્ય રજનીકાન્ત જોષી ઇલોલ B.E. 1st Semeter**

(૨) **કુ. પંકિત સુનીલભાઇ વ્યાસ દેરોલ S.S.C.**

**સવિનય સુધારવાનું કે :**

પગથારના જુલાઇ ૨૦૧૦ માસના અંકમાં અભિનંદન વિભાગમાં (૧) પાના નં ૫ ઉપર શ્રી ધ્રુવ કલ્પેશભાઇ ઠાકર ગુજરાત બોર્ડનીH.S.C.સાયન્સ પ્રવાહની પરીક્ષા ૮૪.૦૦% (PCM ૯૧.૦૦%) ગુણાંકથી અને (૨) પાના નં-૭ ઉપર શ્રી કિશન અશોકભાઇ જોષી ગુજરાત બોર્ડનીS.S.C.પરીક્ષા ૯૩.૨૩% ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરીછે એમ સુધારીને વાંચવા વિનંતી છે.

## શતં જીવ શરદઃ

| | | |
|---|---|---|
| શ્રી મહેશભાઈ અંબાલાલ ઠાકર | પ્રેમપુર | ૧૧ મી ઓગસ્ટ |
| સુશ્રી શીતલ તેજસ પટેલ | આગલોડ | ૧૧ મી ઓગસ્ટ |
| સુશ્રીઅંજનાબેન વિનયભાઈ જાની | દેરોલ | ૧૨ મી ઓગસ્ટ |
| શ્રી ધર્મેન્દ્રભાઈ અમૃતલાલ વ્યાસ | દેરોલ | ૧૨ મી ઓગસ્ટ |
| સુશ્રી નૂતન હેમંત જોષી | ઈલોલ-મુંબઈ | ૧૩ મી ઓગસ્ટ |
| કુ. અભિધા વિજયભાઈ વ્યાસ | દેરોલ | ૧૪ મી ઓગસ્ટ |
| શ્રી હર્ષદભાઈ વિનોદભાઈ રાવલ | વજાપુર | ૧૫ મી ઓગસ્ટ |
| શ્રી વિનાયકભાઈ મણીલાલ મહેતા | ખેડાવાડા | ૧૮ મી ઓગસ્ટ |
| શ્રી પ્રદીપભાઈ મૂળશંકર ભટ્ટ | આગલોડ | ૧૮ મી ઓગસ્ટ |
| સુશ્રી જયશ્રીબેન વિનયભાઈ જપી | સાચોદર | ૧૯ મી ઓગસ્ટ |
| શ્રી દર્શન અનીલભાઈ જોષી | દાવડ | ૧૯ મી ઓગસ્ટ |
| શ્રી કંદર્પ સુરેશભાઈ જપી | સાચોદર | ૧૯ મી ઓગસ્ટ |
| શ્રી દિનેશભાઈ મણીલાલ રાવલ | વજાપુર | ૨૦ મી ઓગસ્ટ |
| શ્રી કેયુર ભીખાલાલ વ્યાસ | બેરણા | ૨૦ મી ઓગસ્ટ |
| શ્રી ચંદ્રકાન્ત નર્મદાશંકર ઉપાધ્યાય | બેરણા | ૨૦ મી ઓગસ્ટ |
| સુશ્રી ઉર્વશી અનુપભાઈ ભટ્ટ | ઈલોલ | ૨૨ મી ઓગસ્ટ |
| સુશ્રી વર્ષાબેન વિનોદભાઈ જોષી | દાવડ | ૨૩ મી ઓગસ્ટ |
| શ્રી હરેશભાઈ કેશવલાલ જપી | પ્રેમપુર | ૨૩ મી ઓગસ્ટ |
| શ્રી અમરભાઈ ગજાનનભાઈ પાઠક | ખેડાવાડા | ૨૩ મી ઓગસ્ટ |
| શ્રી દેવલભાઈ અનિરુધ્ધ જોષી | આગલોડ | ૨૫ મી ઓગસ્ટ |
| શ્રી આકાશભાઈ અશોકભાઈ જોષી | દાવડ | ૨૬ મી ઓગસ્ટ |
| સુશ્રી સોનલ પ્રજ્ઞેશ જપી | પ્રેમપુર | ૨૮ મી ઓગસ્ટ |
| શ્રી દેવેન્દ્રભાઈ ત્રીકમલાલ જોષી | દેરોલ | ૨૯ મી ઓગસ્ટ |
| સુશ્રી વંદનાબેન મુકેશભાઈ જોષી | ઈલોલ | ૩૦ મી ઓગસ્ટ |
| શ્રી ચિંતન દિલીપભાઈ ભટ્ટ | આગલોડ | ૩૧ મી ઓગષ્ટ |
| શ્રી કમલેશભાઈ તુલસીદાસ પંડ્યા | જામળા | ૩૧ મી ઓગસ્ટ |
| સુશ્રી દિપ્તીબેન પ્રણવભાઈ ભટ્ટ | આગલોડ | ૩૧ મી ઓગસ્ટ |
| શ્રી કિરીટભાઈ ત્રિકમલાલ પાઠક | ખેડાવાડા | ૩૧ મી ઓગસ્ટ |
| શ્રી લાભશંકર દયાશંકર જોષી | ઈલોલ | ૧ લી સ્પ્ટેમ્બર |
| શ્રી રિધ્ધેશભાઈ વિનયભાઈ જાની | દેરોલ | ૩ જી સ્પ્ટેમ્બર |
| શ્રી સુરેશભાઈ અમૃતલાલ દવે | સાચોદર-મુંબઈ | ૩ જી સ્પ્ટેમ્બર |
| સુશ્રી કવિતાબેન કિર્તીભાઈ જોષી | દાવડ | ૫ મી સ્પ્ટેમ્બર |
| સુશ્રી પ્રિતીબેન હરિહરભાઈ વ્યાસ | સાંપડ | ૭ મી સ્પ્ટેમ્બર |
| શ્રી વિરેન્દ્રભાઈ મણીલાલ વ્યાસ | દેરોલ | ૭ મી સ્પ્ટેમ્બર |
| સુશ્રી કંચનબેન ભરતભાઈ વ્યાસ | દેરોલ | ૯ મી સ્પ્ટેમ્બર |
| સુશ્રી મીત્તલ ઘનશ્યામ વ્યાસ | સાંપડ | ૯ મી સ્પ્ટેમ્બર |

**('સર્જન' ના સભાસદો)**

આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન. **'સર્જન'**ના સભાસદોના નામ આ વિભાગમાં પ્રગટ થાય છે. જે સભાસદોના નામ આ વિભાગમાં પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મતારીખ જણાવવા વિનંતી છે.

## कृर्यात् सदा मंगलम्

સંસારની નવરચના તરફ સંગાથે પ્રસ્થાન

❖ સુશ્રી મીનાબેન અને સ્વ. રણજીતભાઈ નગીનદાસ પંચાલ (આગલોડ-મુંબઈ) ના સુપુત્ર **ચિ. ભાવેશ** ના લગ્ન સુશ્રી ઉમાબેન અને શ્રી પ્રદીપભાઈ મથુરાદાસ ગણાત્રાની સુપુત્રી **ચિ. પ્રિતિ** સાથે વસાઈમાં તા. ૪-૭-૨૦૧૦ ના રોજ થયાં છે.

## સંપર્ક - સેતુ

**એડ્રેસ ડિરેકટરી - (આઠમી આવૃતિ)**

**તમારી નકલમાં નીચે પ્રમાણે સુધારા -વધારા (૪) કરવા વિનંતી છે.**

**૫૧૬ જોષી જીજ્ઞેશ રમણીકલાલ**
A/૨૭૦,અમીતનગર સોસાયટી, રીલાયન્સ ફ્રેશની
સામે, ૬,અમીતનગર સર્કલની સામે,VIP રોડ, વડોદરા
**ફોનઃ**ઘરઃ (0265) 2480853
M. (O) 9427689111 **જીજ્ઞેશ**
(O) 9898298998 **વિભા**

**૬૪૬ પંડયા અમર શૈલેષભાઈ**
Arihant Complex Bldg. No.1, Flat No. A/402,
4th Floor, Viva College Road, Virar (West),
Dist. Thane 401303
**ફોનઃ** M. (O) 9930922184 **અમર**
(O) 08082097629 **અમર**
(O) 08082097619 **હેમાલી**

**૬૬૦ ઉપાધ્યાય ભાવિક સુભાષભાઇ**
૨A,વિમલેશ્વર સોસાયટી, બાલાજી હોસ્પિટલ પાસે, T.C.S.
લીમીટેડની પાછળ, રામેશ્વર એસ્ટેટ, ઈલોરા પાર્ક, સુભાન પુરા,
વડોદરા 390023
**ફોનઃ** M. (O) 9925430212

**૬૯૫ પાઠક પ્રદીપભાઇ કપીલદેવ LM**
**પાઠક જીમીશ પ્રદીપભાઇ**
**પાઠક ચીરાગ પ્રદીપભાઇ LM**
ફોન :M.(O) :M.(O) 7698553697 પ્રદીપભાઈ

**એકત્રીસમો જન્મદિવસ**

શ્રી મીતેષ ભાલચંદ્ર ભટ્ટ (ઈલોલ)નો તા.૧૭/૭/૨૦૧૦ના રોજ એકત્રીસમો જન્મદિવસ હતો. આ પ્રસંગે બહુચરાજી સંખલપુરમા મંદિરમાં નવચંડી હવન યોજાયું હતું અને સુશ્રી શીલાબેન ગૌતમભાઈ ઉપાધ્યાય મુખ્ય મહેમાન હતા. આ યજ્ઞ પ્રસંગના આચાર્ય શ્રી નીરંજનભાઈ શાસ્ત્રી ( ફોન :M.(O) 9825226032) હતા.


**અનિરૂદ્ધ વાસુદેવ જપી**
ફોન : M (O) 9427803175
(O) 9725538987

**રસોઈ કામ માટે**

**જય અંબે કેટરર્સ**

લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર

ઘર : **સી-૨૬, તીર્થભુમી એપાર્ટમેન્ટ, ઈશનપુર ચાર રસ્તા, નારોલ રોડ, મોતી હોટલનો ખાંચો,**
**અમદાવાદ 382443** ફોન : **(079) 25733215**
ઓફીસ : **C/o.** એમ.પી. પંડ્યા હાઈસ્કુલ, જેતલપુર

૮ મી પુણ્ય તિથિએ

# સ્મૃતિપૂંજ

अनाश्रति ः कर्मखलंकार्य कर्म करोतियः ।
स संन्यासी च योत्री च ज निरग्निर्न चाक्रियः ।।



**સ્વ. જયેશ કિરણચંદ્ર ત્રિવેદી**
(દેરોલ)

અવિનાશી આત્મા : અમારી ભાવભરી શ્રદ્ધાંજલી

**अविनाशी तु तश्विश्वि येन सर्वमिदं ततम् ।**
**विनाशमव्यवस्यास्य न कश्चत्कर्तुमर्हति ।।**

:જીવન યાત્રા:
તા. ૦૨-૧૨-૧૯૬૨ તા. ૧૫-૦૮-૨૦૦૨

**न जायते म्रियते वा कदाचिन्नायं भूतवा भविता वा न भूयः ।**
**अजो नित्य : शाश्वतोऽच्यं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।**

આ આત્મા કોઈ પણ કાળમાં જન્મ લેતો હોય એમ નથી કે મરણ પામતો હોય એમ નથી, તેમ જ ઉત્પન્ન થઈને ફરીથી સત્તાવાન થતો હોય એમ પણ નથી; કારણે કે તે અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે, શરીરના હણાવા છતાં પણ તે હણાતો નથી.

સ્નેહભરી યાદમાં:
**કિરણચંદ્ર ચુનીલાલ ત્રિવેદી પરિવાર**

## ચિ. દિવ્યાંશી મીતેષ ભટ્ટ

તા.૨/૮/૨૦૧૦ના રોજના ચોથા જન્મદિવસ પ્રસંગે દાદા-દાદીના સ્નેહભર્યા આશિર્વાદ





**શ્રી પ્રદિપ કપીલદેવ પાઠક**

**ઉર્મીની ઓળખ**

**— વ્યવસાયથી વયનીવૃત્ત —**




**નીવૃત્ત સમારોહ પ્રસંગની ક્ષણઃ સુશ્રી ઉષાબેન રાવલ, ઉપપ્રમુખ નગરપાલિકા, શ્રી જે.ડી. પટેલ પ્રમુખ નગરપાલિકા, શ્રી રૂષીકેશ પટેલ ધારાસભ્ય ગુજરાત, શ્રી પ્રફુલ્લ પટેલ ધારાસભ્ય ગુજરાત, શ્રી શંકરભાઇ કહાર કાર્યવાહક કમીટી ચેરમેન નગરપાલિકા, શ્રી રામ સાંખલા, પૂર્વપ્રમુખ નગરપાલિકા, વયનીવૃત્ત શ્રી પ્રદીપભાઇ ક. પાઠક સાથે શ્રી બી. એન. રાઠોડ અને શ્રી જશવંતસિંહ પરમાર**

શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી અને શ્રી સર્જન યુવક સંઘના અદના કાર્યકર શ્રી પ્રદીપભાઈ ક. પાઠક (ખેડાવાડા) ૩૫/૩૬ વર્ષના હીંમતનગર નગરપાલીકામાંના વ્યવસાય પછી ઓફીસ સુપરીટેન્ડેંટ તરીકે જુન ૨૦૧૦ની આખરે નિવૃત થયા ત્યારે હીંમતનગર નગરપાલીકાના સહયોગીઓએ હીંમતનગરમાં ડૉ.નલીન ગાંધી ટાઉનહોલમાં નિવૃત સમારોહ યોજ્યો હતો. આ સમારોહમાં આયોજકોએ વયનિવૃતોને સ્મૃતિચિન્હ અને ફુલહારથી અભિવાદન કર્યુ હતું.આ વ્યવસાયની શરૂઆત પ્રદિપભાઈએ નગરપાલિકાના ઓક્ટ્રોય વિભાગથી કરી અને તે પછી સન ૧૯૯૩ માં તેઓને ઓક્ટ્રોય વિભાગના ઇન્સપેકટર તરીકે પ્રમોશન મળ્યું. આ ઓક્ટ્રોય વિભાગ ઉપરાંત નગરપાલિકાના આરોગ્ય, મોડલ ટાઉન અને ટેક્ષ વિભાગમાં પ્રદીપભાઇ સંકળાયા. પ્રદીપભાઇ આ ઉપરાંત નગરપાલિકામાં સામાન્ય વહીવટ, ગુમાસ્તા ધારા, ટાઉનહૉલ, વિગેરે વિવિધ વિભાગમાં તેઓ કુશળતા અને ગુણવત્તાથી સંકળાયા. નગરપાલિકાના ઓક્ટ્રોય વિભાગની કુશળતા અને ગુણવત્તાથી જ ગુજરાત સરકાર તરફથી રૂા.૨૫૦૦૦/- ના બે પુરસ્કાર તેઓને પણ પ્રાપ્ત થયા. વેતનની સાથે સેવાભાવ સાથે જ પ્રદીપભાઇએ નિષ્ઠાપૂર્વક ફરજો અદા કરી છે.

આ વ્યવસાયમાં વહીવટી કુશળ પ્રદીપભાઇ સેવામાં પણ મુકસેવક છે. ગોકુલેશ્વર મહાદેવ ટ્રસ્ટ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાનો અવસર પણ તેઓએ અનોખો ઉજવ્યો. આ પ્રસંગ કચ્છમાં અતિભારે ધરતીકંપ થયો અને ત્યારે જ આ પ્રાણપ્રતિષ્ઠા અવસરના ભોજન સમારોહને રદ કરી તે માટેના રૂા. ૫૦૦૦૦/- કચ્છના ભાઇ-બહેનોમાં રાહત માટે પ્રદીપભાઇએ પહોંચાડ્યા. આ એમની અનોખી મૌનસેવા હતી. આ મંદિરના પાયાથી ચણતર -પ્રવેશદ્વાર - પ્રાણપ્રતિષ્ઠા વિગેરેમાં પ્રદીપભાઇનો સીંહફાળો હતો. સન ૨૦૦૧ થી આ મંદિરમાં ટ્રસ્ટી તરીકે તેઓ સેવા આપી રહ્યા છે. એ ઉપરાંત તેઓ ગાયત્રી આશ્રમ, નવા, હિંમતનગર માં ટ્રસ્ટી, સાબરકાંઠા જીલ્લા ભારતીય મજદુર સંઘ, અને સાબરકાંઠા જીલ્લા મ્યુ. કર્મચારી મહાસંઘમાં પ્રમુખ, સાબરકાંઠા બ્રહ્મ સમાજના કાર્યવાહક સભ્ય, ગાયત્રી અને સ્વાધ્યાય પરિવારના સેવક તરીકે પણ સેવા આપી રહ્યા છે. આપણા શ્રી સ.સા.ઔ.બ્ર. સમાજ ટ્રસ્ટમાં શરૂઆતમાં કાર્યવાહક તરીકે સંકળાયા અને હાલ તેમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. શ્રી સર્જન યુવક સંઘ આયોજીત વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય સંકળાયેલા રહ્યા છે અને કશાય પદના મોહ વિના છેલ્લા ચાલીસેક વર્ષથી મૌનસેવા તેઓ આપી રહ્યા છે. ૫૮ વર્ષના પ્રદીપભાઇ સ્વભાવે શાંત, હસમુખા પણ અડગ નિર્ણયશકિત ધરાવે છે. અન્યનેમદદરૂપ થવાનો સાહજિક ગુણ ધરાવતા પ્રદીપભાઇ મિત્રોમાં, સ્વજનોમાં અને નગરપાલિકામાં ખૂબ લોકપ્રિય છે. અંબાજી પદયાત્રામાં તેઓ જોડાયા છે અને તે માટેના સંઘમાં વિવિધ સંસ્થાઓ મારફત સદૈવ યોગદાન અને સમયદાન આપતા રહ્યા છે. ખેડાવાડાના ધારેશ્વર મહાદેવની ઉપાસના અને ગામની વિવિધ પ્રવૃત્તિઓમાં વિવિધ સ્તરે સમય અને સેવા વર્ષોથી આપતા રહ્યા છે. જાતમહેનત આત્મવિશ્વાસ, શીવશક્તિ અને અંબામાતાની ઉપાસનામાં પ્રદીપભાઇ અડગ-શ્રધ્ધા ધરાવે છે. આ શ્રધ્ધા અને માતુશ્રી સ્વ. સવિતાબેન ક. પાઠક ના આશીષને જ આ કારકીર્દીની સફળતાનો યશ આપે છે. "સમાજટ્રસ્ટ" અને "સર્જન-પગથાર" તેમની આ સફળતાપૂર્વકની ઉજ્જવળ કારકીર્દી માટે તેમની વ્યવસાય વયનીવૃત્તી પ્રસંગે અભિનંદન અને તેમની આવી જ ઉજ્જવળ ભાવિ કારકીર્દી માટે શુભેચ્છાઓ પાઠવે છે.

આવી અનોખી કારકીર્દી ધરાવતા પ્રદીપભાઇ એમના પત્ની હસુમતીબેનનો સહયોગ પણ તેઓને સદા સાંપડ્યો છે. એમણે પુત્ર ચીરાગ અને જીમેશને પણ શિક્ષણમાં કેળવ્યા છે. આ ઉપરાંત કૌટુંબિક ફરજો પણ તેઓએ સફળતાપૂર્વક પાર પાડી છે. પાડી રહ્યા છે.



મહારાજ
પ્રણવ શુક્લ
ભાગવત કથાકાર

ફોન નં : (0) 98208 61768 / 98335 65138

કર્મકાંડ પુજા, વાસ્તુ, નવચંડી, લઘુરૂદ્ર પુજા માટે
તથા ભાગવત કથા માટે
અને જીવન દરમ્યાનની વિવિધ મુંઝવતા પ્રશ્નોના નીરાકરણ માટે સંપર્ક કરવા વિનંતી છે

**આયુષી જ્યોતિષ કાર્યાલય**

૩૦૧, પંચશીલ ACમાર્કેટ, મહાવીર નગર, HDFC બેંકની સામે કાંદીવલી વેસ્ટ, મુંબઇ 400067

**Email :** p_shukla@hotmail.com ❖**Website :** www.astroindia.co.in

## તંદુરસ્તી તમારા હાથમાં

### આંખની પીડા

●ત્રિફળા ચૂર્ણ ૧૦૦ ગ્રામ તથા વરીયાળી ૧૦૦ ગ્રામ મેળવી, સવાર-સાંજ ૧ ચમચી પાણી અથવા ઘી સાથે લેવાથી આંખોની દ્રષ્ટિ વધે છે.●ક્યારેક આંખમાં દૂધ, કચરો, ચૂનો કે આંકડાનું દૂધ, પડે તેથી થતી બળતરામાં આંખમાં દિવેલ આંજવાથી આરામ થાય છે.●આંખમાં ચૂનો કે એસીડ પડ્યો હોય તો આંખની અંદર અને બહારથી ઘી ઘસવાથી શાંતિ થાય છે.●આંખ લાલ રહેતી હોય તો આંખમાં ઘી આંજવાથી રતાશ દૂર થાય છે.●હળદરના ૨ કે ૪ ગાંઠીયા તુવેરની દાળ સાથે બાફી, તે હળદર છાંયડે સુકવી દિવસમાં બે વાર સૂર્યાસ્ત પહેલા પાણી સાથે ઘસીને આંખમાં આંજવાથી આંખનું ઝામર, ધોળા રંગનું ફુલુ, રતાશ રહેતી આંખ, આંખની ઝાંખપ, વગેરે દર્દો મટે છે.●રોજ તાજુ માખણ ખાવાથી આંખનું તેજ વધે છે. આંખોની રતાશ અને બળતરા મટે છે.●આંખની બળતરામાં આંખની અંદર અને બહાર માખણ લગાડવાથી બળતરા મટે છે.●ધાણા, વરીયાળી અને સાકર સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવી રોજ જમ્યા પછી પાણી સાથે લેવાથી આંખની બળતરા, આંખમાંથી પાણી પડવું, લાલ આંખ રહેવી, આંખે અંધારા આવવા જેવા દર્દો મટે છે.●હિંગને મધમાં મેળવી, રૂની દિવેટ બનાવી તેને સળગાવી, કાજળ પાડી એ કાજળ આંખમાં આંજવાથી નેત્રસ્ત્રાવ બંધ થઈ આંખોનું તેજ વધે છે.●ધોળા મરીને દહીંમાં અથવા મધમાં ઘસીને સવારસાંજ આંજવાથી રતાંધળાપણું મટે છે●મરીને પાણીમાં ઘસીને આંજણી ઉપર લેપ કરવાથી આંજણી જલ્દી મટે છે.●બકરીના દૂધમાં લવીંગ ઘસીને આંખોમાં આંજવાથી રતાંધળાપણું મટે છે.●સાકર અને ઘી સાથે જીરાનું ચૂર્ણ ચાટવાથી રતાંધળાપણું મટે છે.●કાંદાના રસમાં થોડું મીઠું મેળવી તેનાં ટીપાં આંખમાં નાંખવાથી રતાંધળાપણું મટે છે.●પાકા ટમેટાનો રસ સવાર-સાંજ પીવાથી આંધળાપણામાં ખૂબ ફાયદો થાય છે●આંખમાં ચીપડા બાઝતા હોય તો કાંદાના રસમાં ખડી સાકર ઘસીને રાત્ર ૨-૨ ટીપાં આંખમાં નાખવાથી આરામ થાય છે.●નાગરવેલના પાનનો રસ આંખોમાં નાખવાથી દુ:ખતી આંખો સારી થાય છે●સરગવાના પાનના રસમાં મધ મેળવી આંખમાં આંજવાથી આંખના દરેક પ્રકારના રોગો મટે છે અને આંખનું તેજ વધે છે.●આંખમાં ઠંડા પાણીની છાલક દરરોજ સવાર-સાંજ મારવાથી આંખોની ગરમી દૂર થાય છે અને આંખોનું તેજ વધે છે.●કોથમીરનો રસ કાઢી, ચોખ્ખા કપડાથી ગાળી, તેના બબ્બે ટીપા આંખમાં નાખવાથી દુ:ખતી આંખો સારી થાય છે. ખીલ, ફુલુ, છારી વગેરે મટે છે. ચશ્માના નંબર ઉતરે છે.●મધ અને સરગવાના પાનનો રસ આંખમાં નાખવાથી આંખના બધા રોગો મટે છે.●જીરાનું ચૂર્ણ રોજ ફાકવાથી આંખોની ગરમી દૂર થાય છે.●ધાણાને પાણીમાં પલાળી રાખી, મસળી ગાળી તેપણી વડે આંખો ધોવાથી દુ:ખતી આંખો સારી થાય છે.●શુધ્ધ મધ અને ખાખરાનો અર્ક સરખે ભાગે લઈ બરાબર એકરસ કરી બાટલીમાં ભરી રાખો. રોજ રાત્રે સુતી વખતે બે-ત્રણ ટીપાં આંખમાં નાખવાથી ચશ્માના નંબર ઘટે છે.●અધકચરા ત્રિફળાચૂર્ણને રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે ગાળી તે પાણી આંખમાં છાંટવાથી આંખોનું તેજ વધે છે.●સાકરને પાણીમાં ઘસી તે ઘસારો સવાર સાંજ આંખમાં આંજવાથી આંખોના ફુલા મટે છે, આંખ સ્વચ્છ થાય છે અને આંખોનું તેજ વધે છે●આંખ આવેલી હોય તો લીંબુનો રસ, મધ, ફટકડી વાટી લગાડવાથી ઘણી રાહત થાય છે.●સફેદ કાંદાનો રસ, મધમાં મેળવીને આંખમાં નાખવાથી દુ:ખતી આંખ સારી થાય છે અને આંખનું તેજ વધે છે.●હળદર, ફટકડી અને આમલીના પાન સરખા પ્રમાણમાં લઈ તેને વાટી પોટલી કરી ગરમ કરીને આંખે શેક કરવાથી આંખોની રતાશ અને બળતરા મટે છે.●સાકર અને તેનાથી ત્રણ ગણા ધાણા લઈ બન્નેનું ચૂર્ણ કરી પાણીમાં ઉકાળી ઠંડુ થાય ત્યારે કપડાથી ગાળી બાટલીમાં ભરી લેવું. એ પાણીનાં બબ્બે ટીપાં દરરોજ સવાર-સાંજ આંખમાં નાખવાથી દુ:ખતી આંખો સારી થાય છે.●તેલ વગરની તુવેરદાળ પાણી સાથે પથ્થર પર ઘસી આંખમાં આંજવાથી આંખનું ફુલુ અને જાળું મટે છે.●જાયફળ પાણીમાં ઘસી તેનો ઘસારો પાંપણ તથા આંખની આજુબાજુ ચોપડવાથી આંખની ચળ કે પાણી પડતું હોય તો તે મટે છે અને આંખનું તેજ વધે છે.


With Best Compliments From :



ARYANIVAS

VEGETARIAN RESIDENTAL HOTEL

KALBADEVI ROAD, MUMBAI - 400 002.

PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.

Rough, Rugged, Rare

SHIVA APPARELS

Iqbal Compound, Pathan Wadi, Behind Air India Staff Bldg.,

Rani Sati Marg, Malad (E), Mumbai - 400 097.

શુભેચ્છા સહ...

**સ્વ. પરિ નાથાલાલ ભટ્ટ**

ઉત્તર ગુજરાત (આગલોડ)

## શ્રી સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રહ્મોદય સમાજ ટ્રસ્ટ

મુંબઇ - હિંમતનગર

## શ્રાવણી પર્વ ઉત્સવ

**શુભ સ્થળ :** ગંગાબેન જપી સભાગૃહ, રોકડીયા લેન, બોરીવલી વેસ્ટ, મુંબઇ - 400092

**શુભ દિવસ :** શ્રાવણ સુદ ૧૫, મંગળવાર તા.૨૪ મી ઓગસ્ટ ૨૦૧૦ ઉપનયન શ્રાવણી પર્વ ઉત્સવ પૂજા પ્રારંભ સવારે ૭.૩૦ વાગે

પૂજા - ભોજન દરમિયાન પિતાંબર પહેરવા વિનંતી છે. પુની અને ભોજનપ્રસાદની સગવડ માટે નામ નોંધાવવા

: સંપર્ક સ્થળ :

**શ્રી નરેશભાઇ અં. ઠાકર** ફોન : M.(O) 9619108422

**શ્રી જયકાન્તભાઇ મ.જોષી** ફોન : M.(O) 9819621997

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઇ શકે ?

**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

## દેહોત્સર્ગ

કરો આત્માનો કલ્પ - ચક્ષુદાનનો સંકલ્પ

પગથારમાં ચક્ષુદાતાની મરણનોંધ ચક્ષુદાતાનો ફોટો પ્રગટ કરાય છે.

**આંખનું જતન કરો ! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો !**

**બચુભાઈ છગનલાલ વ્યાસ** (દેરોલ,ઉ.વ.૭૪,સુમતિબેનના પતિ, સ્વ.શામળ,સ્વ.કમલેશ,સંજય,યોગેશ,શૈલેષ તથા ભાવનાબેન સુધીરભાઈ જોષી (ખેડબ્રહ્મા) ના પિતા અને સ્વ. હીરાલાલ પિતાંબરદાસ જપી (પ્રેમપુર)ના જમાઈ નો હિંમતનગરમાં તા ૨૧/૭/૨૦૧૦ રોજ થયો છે.

"**સર્જન-પગથાર**" સદગતોના આત્માઓની શાંતિ અર્થે પ્રાથના કરે છે અને તેમના સ્વજનોને સાંત્વના પાઠવે છે.

## ઉત્કર્ષ મહિલા મંડળ : લઘુરૂદ્ર

સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારની બહેનો દ્વારા સંચાલિત ઉત્કર્ષ મહિલા મંડળના ઉપક્રમે શ્રાવણ સુદ ૬ તા. ૧૫/૮/૨૦૧૦ ના રોજ ગંગાબેન જપી સભાગૃહમાં લઘુરૂદ્ર નું આયોજન યોજાયેલ છે. આ લઘુરૂદ્રની પૂજા-અર્ચના તા. ૧૫-૮-૧૦ ના રોજ સવારથી જ શરૂ કરાશે. ગંગાબેન જપી સભાગૃહ, બોરીવલી, મુંબઇમાં યોજાએલા આ લઘુરૂદ્ર પૂજા અર્ચનાના દર્શન માટે સવારે ૧૧ થી ૧ દરમિયાન ઉત્કર્ષ મહિલા મંડળ તરફથી ભાવભર્યુ આમંત્રણ સહુને અપાયું છે તો હાજર રહેવા વિનંતી છે. આ પૂજા-અર્ચના-દર્શન પછી ઉપસ્થિત સહુને ભોજનપ્રસાદ અપાશે. આ પૂજા-અર્ચના અને ભોજન પ્રસાદ માટે તન,મન, ધનના સહયોગ માટે ભક્ત સ્વજનોને વિનંતી કરાઈ છે.

## પ્રેરણા સ્તોત્ર

એક યુવાનની તીવ્ર ઇચ્છા હતી કે ખેડૂતની સુંદર પુત્રી સાથે એનાં લગ્ન થાય. એક દિવસ એ તો માંગુ લઉને ખેડૂત પાસે પહોંચી ગયો.

ખેડૂતે એને નજરથી માપીને કહ્યું :

દીકરા, તું સામેના મેદાનમાં જઇને ઊભો રહે. હું ત્રણ આખલા છૂટા મૂકીશ. એક પછી એક એ ત્રણે મેદાનમાં દાખલ થાય ત્યારે એમાંના એકની પણ પૂંછડી તું પકડી શકીશ તો મારી દીકરી તને પરણાવીશ.

યુવાન તો મેદાનમાં જઇને ઊભો રહી ગયો. થોડીવાર થઇ ત્યાં એક હુષ્ટપુષ્ટ અને જંગલી આખલો મેદાનમાં પ્રવેશ્યો. યુવાને આવો આખલો અગાઉ કદી જોયો નહોતો. એણે મનોમન નક્કી કર્યુ કે આના કરતાં હવે પછી જે આખલો આવે એની પૂંછઢી પકડવી બહેતર રહેશે. આથી એ બાજુ પર ખસી ગયો અને પેલા જંગલી આખલાને પસાર થઇ જવા દીધો.

થોડી વાર બાદ બીજો આખલો મેદાનમાં પ્રવેશ્યો. આ આખલો તો વળી પહેલા આખલા કરતાંય વધારે મહાકાય અને ઝનૂની હતો. છીંકોટા નાખતો એને ધસી આવતો જોઇ પેલા યુવાને વિચાર્યુ કે હવે પછી ત્રીજો આખલો જેવો પણ હોય તેવો, પરંતુ આ ઝનૂની આખલા કરતાં તો સારો જ હશે એટલે બીજા આખલાની સામેથી પણ એ ખસી ગયો. ત્રીજા આખલાને જોતાં જ યુવાન ખુશીથી ઝૂમી ઊઠ્યો. આ આખલો તો સાવ નબળો હતો. આવો કૃશકાય આખલો એણે કદી દીઠો નહોતો. એ આખલાને પોતાના તરફ આવતો જોઇને એણે દોડવાનો આરંભ કર્યો. બરાબર યોગ્ય ક્ષણે આખલાની પૂંછડી પકડી લેવા યુવાને છલાંગ લગાવી...અરે, આ શું ? પેલા આખલાને પૂંછડું જ નહોતું !

જિંદગી તકથી ભરપૂર છે. એમાંથી અમુક તક મુશ્કેલ જરૂર હશે, પરંતુ પછી વધારે સારો અવસર પ્રાપ્ત થશે એવી આશા રાખી પાસે આવેલી તકને ગુમાવી દઇએ તો એવી તક ફરી કદાચ ક્યારેય ન સાંપડે. આથી આવેલી તક સરળ હોય કે મુશ્કેલ, એ વિચાર્યા વગર એને ઝડપી લેવી જોઇએ.

**-સંકલન**

## અને છેલ્લે.....

જન્માષ્ટમી એટલે કોઇ એક તિથી નહીં, કેલેન્ડરની તારીખનું પાનું નહી. જે ક્ષણે આપણે કૃષ્ણનું સ્મરણ કરીએ, જે ક્ષણે કૃષ્ણના નામનું શ્રવણ કરીએ, જે ક્ષણે શ્રીકૃષ્ણ: શરણં મમ્ એમ કહીએ ત્યારે પ્રત્યેક પળે જન્માષ્ટમી છે. (કૃષ્ણજયંતી : જન્માષ્ટમી ઉત્સવ : શ્રાવણ વદ ૭/૮ બુધવાર તા.૧-૯-૨૦૧૦)

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (Subject to Mumbai Jurisdiction) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ -400068 વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અ. વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ(વેસ્ટ), મુંબઈ 400 064 માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400068 થી પ્રગટ કર્યું.Printed, Published & Edited by Shri Vijay A. Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay A.Vyas.